શામળાજી બસસ્ટેન્ડ નજીક યમદૂત રૂપી ટ્રક-કન્ટેનર પલટ્યું

હાઈવે પર આવેલ દુકાનો દટાઈ, કન્ટેનર નીચે કચડાતા ૨'ના મોત

શનિવારે અરવલ્લી જીલ્લામાં યમદૂતે પડાવ નાખ્યો હોય તેમ ત્રણ ગમખ્વાર અકસમાતની ઘટનામાં ૫ થી વધુ લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી બસ સ્ટેન્ડ નજીક કેબીન બનાવી ધંધો કરતા ધંધાર્થીઓ અને રાહદારીઓ માટે શનિવારની સાંજ ગોઝારી નીવડી હતી રાજસ્થાન તરફથી આવતું ૧૬ ટાયર વાળું ટ્રક-કન્ટેનરનું ટાયર ફાટતા શામળાજી બસ સ્ટેન્ડ નજીક પલટી જતા હાઈવે નજીક આવેલ ૬ જેટલા કેબીન અને દુકાનો પર ફરી વળતા દબાઈ જતા કેબીન ધારકો અને રાહદારીઓ દટાતા ભારે ચકચાર મચી હતી સ્થાનિકોએ બે મૃતદેહ બહાર કાઢ્યા હતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી પરંતુ ક્રેનના અભાવે ટ્રક-કન્ટેનર હટાવવાનું મુશ્કેલ હોવાથી નિઃસહાય બન્યા હતા મોડાસાથી ક્રેન બોલાવવા તજવીજ હાથધરી હતી અકસ્માતના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.

શામળાજી બસસ્ટેન્ડ નજીક રાજસ્થાન તરફથી પુરઝડપે આવતું ૧૬ ટાયર વાળા ટ્રક-કન્ટેનરનું ટાયર ફાટતા ચાલકે ટ્રક-કન્ટેનર પરથી કાબુ ગુમાવતા ભારે ભરખમ કન્ટેનર પલ્ટી ખાઈ રોડ નજીક આવેલ કેબીન (દુકાનો) પર ખાબકતા કેબીન દટાતા જોરદાર ધડાકો અને પછી કાળજા ચીરી નાખે તેવી વેદનાસભર ચિચારીઓ થતા સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો વેદનાસભર ચિચારીઓ પણ બંધ થઈ જતા ધડાકાભેર અવાજ સાંભળી દોડી ગયેલા લોકોના પણ શ્વાસ થંભી ગયા હતા સ્થાનિકોએ ટ્રક-કન્ટેનર નીચે દટાયેલા લોકોને બહાર કાઢવા ભારે જહેમત આદરતા બે મૃતદેહ હાથલાગતાં સ્થાનિકો શોકગ્રસ્ત બન્યા હતા ૬ જેટલી કેબીન અને અન્ય રાહદારીઓ પણ દટાયા હોવાની અને મૃત્યુ આંક વધે તેવી આશંકા સ્થાનિકોએ દર્શાવી હતી સદનસીબે અકસ્માત સ્થળે ક્રેન પહોંચી ટ્રક-કન્ટેનર હટાવતા અન્ય કોઈ વ્યક્તિ અકસ્માતનો ભોગ ન બનતા શામળાજીના ગ્રામજનોએ અને પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો અકસ્માતમાં મીત સંજયભાઈ કટારા(ઉં.વર્ષ-૭) અને સુરેશભાઈ દાનજીભાઈ અસોડા (ઉં.વર્ષ-૪૬) નું ટ્રક-કન્ટેનર નીચે દટાઈ જતા મોત નિપજતા હાહાકાર મચ્યો હતો.

શામળાજી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી ટ્રક-કન્ટેનર હેવી હોવાથી હટાવવું મુશ્કેલ જણાતા મોડાસાથી ક્રેન બોલાવવાની ફરજ પડી હતી અકસ્માતના પગલે ટ્રાફિકજામ સર્જાતા ૨ કલાકથી વધુનો સમય થવા છતાં ક્રેન ન પહોંચતા સ્થાનિકોએ આક્રોશ સાથે હાઈવે પર ચક્કાજામ કરવામાં આવ્યો હતો શામળાજી પોલીસે ચક્કાજામ દૂર કરાવ્યો હતો શામળાજી પોલીસે સંજયભાઈ ધનજીભાઈ કટારાની ફરિયાદના આધારે ટ્રક-કન્ટેનર ચાલક રામરાજ બરદારામ મીણા (રહે,શિવગઢ, રાજ) વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસાની સાયન્સ કોલેજમાં ઉત્તર ગુજરાત યુનિ. ત્રિદિવસીય આંતર કોલેજ સ્પર્ધાનો પ્રારંભ

ધી.મ.લા.ગાંધી કેમ્પસની સર પી ટી સાયંસ કૉલેજ મોડાસા ના યજમાન પદે હેમ ઉત્તર ગુજરાત યુનિની ત્રિદિવસીય આંતર કૉલેજ વકતૃત્વ તાલીમ શિબિરનો પ્રારંભ થયો.

જેમાં યુનિ સંલગ્ન કોલેજોના ૭૦ઉપરાંત યુવા કોલેજીયનો ભાગ લઈ રહ્યા છે. પ્રમુખશ્રી નવિનચંદ્ર મોદી અને માનદમંત્રી સુરેન્દ્રભાઈ શાહે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે લો કૉલેજ મોડાસાના આચાર્ય શ્રી ડૉ રાજેશભાઈ વ્યાસ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. હે ઉ ગુ યુનિ ના વેલફેર બોર્ડ પ્રેરિત આ વકતૃત્વ તાલીમ શિબિર માં સાયંસ કૉલેજના આચાર્ય ડૉ કે પી પટેલે આવકાર પ્રવચનમાં જણાવ્યું કે વ્યક્તિત્વ વિકાસ માટે વકતૃત્વ કૌશલ્ય ખૂબ ઉપયોગી છે. વાક્છટાથી કોઈ પણ વ્યક્તિ જીવનને અસરદાર બનાવી શકે છે એમ તેઓ એ જણાવ્યું હતુ. શિબિર સંયોજક ડૉ જગદીશ પ્રજાપતિ એ ત્રિ દિવસીય શિબિર હેતુ સ્પષ્ટ કર્યો હતો. આ શિબિર માં ત્રણ દિવસ દરમ્યાન ૯ સત્રોમાં વિવિધ તજ્ઞો વકતૃત્વની તાલીમ આપનાર છે.

જેમાં અસરકારક વકતૃત્વના કૌશલ્યો, શીઘ્ર વકતૃત્વની તૈયારી, વકતૃત્વ માટે વાંચનનું મહત્વ, સભા સંચાલન માટેનું વકતૃત્વ, જાહેર વ્યક્તવ્ય, વકતૃત્વ થકી વ્યક્તિત્વ વિકાસ, વિવિધ કાર્યક્રમોમાં વ્યક્તિવિશેષના પ્રવચનોનું એક્ટિંગ નિદર્શન, મોટીવેશનલ પબ્લિક સ્પીચ, સામાજિક પ્રસંગોની સ્પીચ , કૉલેજના વાર્ષિકોત્સવ-સેમિનાર-વેલકમ કાર્યક્રમો-વિદાય સમારંભ વગેરેની તાલીમ ડેમો સહિત આ શિબિરમાં આપવામાં આવનાર છે.

ધનસુરામાં CAAના જનસમર્થનમાં રેલી યોજાઈ હતી

ધનસુરામાં સિટીજન અર્મેંડમેંટ એક્ટ (CAA) ના જનસમર્થન માટે રેલી યોજાઈ હતી.દેશ ભરમાં CAA ના સમર્થન માં રેલીઓ યોજાઈ રહી છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા માં પણ CAA ના સમર્થન માં રેલી યોજાઈ હતી.આ અગાઉ અરવલ્લી જિલ્લા ના મોડાસા માં પણ વિશાળ રેલી યોજાઈ હતી.રેલી માં લોકોએ વંદેમાતરમ્ અને ભારત માતા કી જય ના નારા લગાવ્યા હતા. ધનસુરા માં યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. આ રેલી ધનસુરા ચાર રસ્તા, બજાર, પરબડી ચોક સહિત ના વિસ્તારોમાં યોજાઈ હતી.ધનસુરા તાલુકા નાગરિક સમિતિ ધ્વારા આ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

ડીસામાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે તંત્રનો એક્શન પ્લાન તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો

ડીસામાં માથાના દુખાવા સમાન બનેલી ટ્રાફિકની પેચિદી સમસ્યાને પહોંચી વળવા માટે ડીસાના જાગૃત ધારાસભ્યે પોલીસ અને એસટી વિભાગને સાથે રાખીને રૂબરૂ સ્થળ ઉપર જઈ નિરીક્ષણ કરી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ચર્ચા વિચારણા કરી હતી. ડીસામાં હાલમાં ઓવરબ્રિજની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જેને લઈ સર્વિસ રોડ ઉપર દોડતા વાહનોને લઈ ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની છે ત્યારે આ મામલે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, ડી.વાય. એસ.પી., ઉત્તર દક્ષિણ અને તાલુકા પી.આઈ. તેમજ એસ.ટી. વિભાગની એક બેઠક સર્કિટ હાઉસ ખાતે મળી હતી જેમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ તમામને સાથે રાખી ડીસાના દિપક હોટલ, જલારામ મન્દિર , ગાયત્રી મન્દિર તેમજ રિલાયન્સ સર્કલ નજીકના વિવિધ પોઇન્ટ ઉપર જઈ રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી એસટી બસો,ખાનગી વાહનોને જુદીજુદી જગ્યાએ પાર્ક કરવા માટે સૂચનાઓ આપી હતી તેમજ રોજિંદી રહેતી ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થાય તેવા સઘન પ્રયાસો હાથ ધર્યા હતા.

સ્વ. બાબુભાઈએ ભગવાન સ્વામિનારાયણને ઈષ્ટદેવ તરીકે અને પ્રમુખસ્વામી મહારાજને ગુરુ તરીકે સ્વીકારેલા : પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી

'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત 'આદર્શ લોકનાયકઃ સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ - એક વ્યક્તિ વિશેષ' વિષય ઉપર ૯૦મું પ્રવચન યોજાયું

ગાંધીનગર

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૨ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર : વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વ્યક્તિ વિશેષ વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'આદર્શ લોકનાયકઃ સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ - એક વ્યક્તિ વિશેષ' ઉપર ૯૦માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને રાજકીય વિશ્લેષક, અમદાવાદના શ્રી મણિલાલ એમ. પટેલ અને મહંતશ્રી પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરનાએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૦૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'આદર્શ લોકનાયકઃ સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ - એક વ્યક્તિ વિશેષ' વિષય પર તેમના લોકોપયોગી રાજકીય કાર્ય વિશે જણાવતા શ્રી મણિલાલ પટેલે જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજે લોકોને સાચી સમજ આપવાનું કામ કર્યું છે. સાથે સાથે આ લોકના કલ્યાણની ચિંતા પણ કરી છે.

પૂર્વ રાષ્ટપતિ એ.પી. જે. કલામે ૨૦૨૦માં એક વિઝન બનાવેલું અને તેમાં પાંચ મુદ્દાઓમો સમાવેશ કરેલો પછી પ્રમુખ સ્વામી મહારાજને તેમને પૂછેલુ કે, આમાં કંઈક ઊમેરવા જેવું લાગે છે ત્યારે પ્રમુખસ્વામી મહારાજે ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતાની વાત ઉમેરવાની વાત કરી હતી. તેવી રીતે સ્વ. બાબુભાઈ પણ પ્રમુખસ્વામીના હતા. બાબુભાઈ ગાંધીનગર નગર રચનાર સ્થાપક હતા. બાબુભાઈ અક્ષરધામ સ્મારકના ખાત તેમજ ઉદ્ઘાટન એમ બંનેમાં હાજર હતા.

કેબિનેટ મિટિંગમાં જે મિનિસ્ટર એક મિનીટ પણ લેટ આવે તો મિનીટનો ૧રૂપિયો દંડ લેતા. તેવી રીતે નિયમિતતાના આગ્રહી હતા. તેઓ પોતાના મુખ્યમંત્રીકાળમાં એકવાર લેટ પડેલા તેનું કારણ ઘડિયાળ બંધ પડી ગયેલી. ૧૫ મિનિટ લેટ આવેલા. પોતે ૧૫ રૂપીયા દંડ ભરી દીધો અને નિયમનું પાલન કર્યું હતું.

સ્વ. બાબુભાઈની જાહેરજીવનની શરૂઆત વિદ્યાર્થીકાળથી થાય છે. ગાંધીજીના સન્માન માટે તેઓ છડી પુકારતા. સરદાર પટેલની ચકોર નજર બાબુભાઈ પર પડેલી અને તેમને ૧૯૩૭માં નડીયાદથી જીતી પહેલીવાર વિધાનસભ્ય બનેલા. ત્યારથી રાજકીય શરૂઆત થઈ. ડૉ. બાબાસાહેબ આંબેડકર તેમને 'બેબી ઓફ હાઉસ' તરીકે ગણાવતા હતા.

તેઓ નડિયાદમાંથી બે વખત હારેલા કારણ કે તેઓ પૈસા આપી મતદારોને ખરીદવા માગતા નહોતા. તેનું કારણ પાયામાં ગાંધી વિચાર અને સ્વામિનારાયણીય શિક્ષાપત્રીના સંસ્કાર. ગીતાનો અનાસક્તિયોગ, કર્મયોગ અને ભક્તિયોગ ત્રણેય યોગનો ત્રિવેણી સંગમ તેમનામાં હતો.

બાબુભાઈના પરમ સ્નેહી મોરાજીભાઈ દેસાઈ હતા. પક્ષ ઘણા બદલાયા પણ તેમની કર્તવ્યનિષ્ઠા એવીને એવી જ રહેતી. ધારાસભ્યોના પેન્શનનો તેમને વિરોધ કરેલો અને તેમને ધારાસભ્યોના પગારમાં સુધારો કરી ૧૦ ટકાનો કાપ મૂકેલો. ધારાસભ્યોને મળતા મફતના પ્લોટનો લાભ તેમને લીધો નથી તેવા તેઓ અનાસક્તિ યોગવાળા હતા. તેઓએ હોદ્દાનો ક્યારેય દૂરપયોગ કર્યો નથી. તેઓ હંમેશા સામાન્ય મુસાફરની જેમ બસમાં મુસાફરી કરતા હતા.

બાબુભાઈ ક્યારેક વિરોધપક્ષના નેતા પણ રહેલા છે. તેમ છતાં દુષ્કાળનાં કામ કરવામાં જોડાઈ ગયેલા. તેઓ દુષ્કાળમાં કામ કરતા અને સાથે સાથે ધારાસભ્યના પેન્શન બીલનો વિરોધ પણ કરતા. કોઈપણ સરકારી સગવડ લીધા વિના નર્મદાનું કામ હાથમાં લીધેલું. તેઓ વિરોધી સાથે મળીને પણ લોકાભિમુખ કાર્યો કરતા. તેઓ કહેતા કે, 'ભેંસનું દૂધ પીવું હોય તો ભેંસનું પાટું પણ ખાવું પડે.' તેવું મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલને તેઓએ કહેલું. તે જમાનામાં જે નર્મદાનું કામ થયું તે પડકાર જનક હતું. તેમ છતાં સનત મહેતા સાથે રહી કામ કરેલું. તેઓ અનાસક્ત હતા. તેમને આંધ્રપ્રદેશ અને તમિલનાડુના ગવર્નર પદને ઠોકરાવેલું. તેમને

લોકાભિમુખ કાર્ય કરવા હતા તે માટે તે પદનો અસ્વીકાર કરેલો. તેઓ ૮૪ વર્ષની વયે પણ મોરબીથી ચૂંટાઈને આવ્યા હતા.

ત્યાર બાદ બીજા વક્તા તરીકે પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ સ્વ. બાબુભાઈના આધ્યાત્મિક જીવન વિશે જણાવતાં કહેલું કે, તેમના જીવનની અંદર ધાર્મિક અને આધ્યાત્મિક પાસું ભગવાન સ્વામિનારાયણના વખતથી તેમના પૂર્વજોની પાસેથી મળેલુ. વરતાલ મંદિરે તેઓ દરરોજ મંગળા આરતીમાં પહોંચી જતા. શિક્ષાપત્રીના નિયમ અનુસાર જીવન જીવતા. તેઓ સંસ્કૃતના અભ્યાસુ હતા. રઘુવંશ, ગીતા, ભાગવત અને શિક્ષાપત્રીના શ્લોક તેઓને કંઠસ્થ હતા. વિદ્વાનો સાથે વાતો પણ કરતા. તેમની નિખાલતા અને સ્પષ્ટવક્તા તરીકેની છબી છે.

તેમને ૬ ઓગસ્ટ ૧૯૭૦માં યોગીજી મહારાજની પધરામણી ગાંધીનગરમાં બધા સેક્ટરમાં કરાવેલી અને ઠાકોરજીના પ્રસાદીના પુષ્પો ગાંધીનગરના વિકાસ માટે છાંટ્યા હતા. તે વખતે અક્ષરધામની પાછળ આજે જે પ્રાચીન વડ છે ત્યાં ઉભા રહી યોગીજી મહારાજે પ્રાર્થના કરેલી અને ભવિષ્યવાણી કરેલી કે ભવિષ્યમાં મોટું મંદિર થશે ગાંધીનગરનો વિકાસ થશે. તે સમયે બાબુભાઈ સાથે હતા. યોગીજી મહારાજની ઈચ્છા અને તેમની ભવિષ્યવાણી પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશાબ્દી નિમિત્તે સ્મારક બનાવવની ઈચ્છા જણાવી.

પ્રમુખ સ્વામી મહારાજના ૧૯૯૫ મુંબઈ ખાતે ઉજવાયેલા અમૃત મહોત્સવ પ્રસંગે તેઓ આવેલા. ૧૯૯૭માં વડોદરામાં પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીમાં પણ ગયેલા. અક્ષરધામ હરિમંદિરમાં દર રવિવારની સભામાં તેઓ અચૂક હાજર રહેતા. અક્ષરધામ મંદિર પરિસરમાં દરરોજ સવારે વોકિંગ કરવા આવતા. તેમણે પ્રમુખસ્વામી મહારાજને ગુરુ તરીકે સ્વીકારેલા. છેલ્લા શ્વાસ સુધી પ્રમુખસ્વામી મહારાજનો ફોટો તેઓ સાથે રાખતા અને નિત્ય દર્શન કરતા. અક્ષરધામ નિર્માણ સમયે ત્રણ દિવસ બાબુભાઈના ઘરે પ્રમુખસ્વામી મહારાજ રોકાયેલા. ઊર્ધ્વ જીવનનો પાઠ તેમના પરિવારને પણ આપેલ. જીવનમાં સ્વામિનારાયણ સંપ્રદાયની પાકી નિષ્ઠા કરાવેલી હતી.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

તરીકે જોતા નથી પરંતુ એક અબળા નારી એક સ્ત્રી તરીકે મૂલ્યાંકન કરે છે. આ દ્રષ્ટ્રીભેદ છે અથવા સંસ્થાકિય અંધાપો છે. જે દૂર નહી થાય તો મહિલાઓની સ્થિતિમાં સુધારાને અવકાશ રહેશે નહિ.

બંધારણની અનુચ્છેદ ૧૪ માં સ્ત્રીને એક નાગરિક તરીકે અધિકારો બક્ષેલા છે. જેમાં ભારતના રાજક્ષેત્રોમાં કોઈ પણ વ્યક્તિને કાયદા સમક્ષની સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો રાજય ઈન્કાર કરી શકે નહિ. ભારતના બંધારણમાં સ્ત્રીઓ પ્રત્યેની સામાન્ય અભિગમ ચર્તુવિધ છે પ્રથમ સ્ત્રી અને પુરૂષને સમાન ગણવામાં આવે છે. બીજી કે અમુક સંજોગોમાં સ્ત્રીને નીચલા કે ઉતરતા દરજજાની માનવામાં આવે છે. સમાજમાં નબળા વર્ગની સ્થિતિ સુધારવા રાજયોને વિશેષ પ્રયત્નો કરવા અધિકાર આપ્યા છે અને ચોથો અભિગમ એ છે કે સમાજમાં સ્ત્રીઓનું શોષણ અટકે એ માટે અનુરૂપ પગલા રાજયે લેવા. બંધારણની કલમ ૧૫ માં ભેદભાવ વિહિનતા મુજબ ધર્મ, જાતિ, લીંગ કે જન્મસ્થાનને લગતા ભેદભાવ રાજય દર્શાવી શકે નહિ દરેકને સમાન અધિકાર બક્ષવામાં આવ્યા છે. તેમ છતાં બંધારણમાં સ્ત્રીને વિશેષ દરજજો આપવામાં આવ્યો છે. જે મહિલા અનામત બીલ પાસ થશે તો આપોઆપ સમાનતાના કાયદા પ્રસ્થાપિત થશે. ૧૯૯૬ થી લોકસભામાં અટવાયેલ બીલને શાસક પક્ષ ૨૦૨૦ માં ન્યાય આપશે કે કેમ તે આગામી સમય જ કહેશે. મહિલાઓની ધીરજનો અંત ક્યારે આવશે?

મો. ૯૮૨૫૪૫૦૧૯૧

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

દુનિયા છે પોતે જ બિચારી
કૈક અજબ છે મનની લીલા
એ જ હરણ ને એ જ શિકારી
કાંઠા તો જોતા જ રહ્યા સૌ
તોફાનોએ નાવ ઉગારી
હોય છે કેવો શબ્દનો જાદૂ
જોઈલો અમને ધારીધારી
સ્પર્શે ક્યાંથી કોઈ મલિનતા
હંસ છીએ કૈલાસવિહારી
જે મહેફિલમાં હોય મુસાફિર
એ મહેફિલની વાત જ ન્યારી!

અને જયારે સાહિત્ય પરિષદના પ્રજા સાથેના કનેક્ટની વાત કરવાની હોય ત્યારે પાલનપુરના કાનુભાઈ મહેતા સભાગૃહ પૂરતી જ્ઞાનસત્રની વાત સીમિત નથી રહેતી, અમારી સાહિત્ય પરિષદ તો લોકનિકેતન, રતનપુરમાં અમારા ઉતારે કિરણ ચાવડા, પારુલટીના અને ભદ્રાયુ વછરાજાની સાથે જ નહીં, પાસેના જલોતરા ગામમાં ઘેમરભાઈ ભટોળના કોલ્હાપુરી ગોળના ઉત્પાદન એકમ સુધી ચાલતી રહી. ગાંધીજીએ કોશિયાને સમજાય એવી ભાષામાં લેખન સર્જનની અપેક્ષા કરી હતી એટલે ગો.મા.ત્રિપાઠીની ભદ્ર ભાષાના વૈભવને ગ્રામીણ સામાન્યજન સુધી લઈ જવાના સિતાંશુભાઈના ''પરિષદ આપને આંગણે'' ઉપક્રમને સૌએ મળીને સફળ બનાવવાની વાટ પકડવી પડશે.

- haridesai@gmail.com

મતદાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એન. પરમાર, કે.પી. સોલંકી, વિરેન્દ્રસિંહ વાઘેલા, યુથ કોંગ્રેસ પ્રમુખ કર્મદીપસિંહ વાઘેલા, કે.આર. પટેલ, હરેશભાઈ પટેલ સહિતના અગ્રણીઓ જોવા મળ્યા હતા. હવે આ બેઠકની મતગણતરી ૩૧મી ડિસેમ્બરના રોજ સે-૧૫ની કોલેજ ખાતે કરવામાં આવશે. મતગણતરીનું પરિણામ એક કલાકમાં આવી જશે. જો કે ટ્રેન્ડ પ્રથમ ૧૫ મિનિટમાં જ મળશે તેમ જાણવા મળેલ છે.

કોલ્ડવેવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આકરી ઠંડીના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. લઘુત્તમ તાપમાનમાં થતો ઘટાડો જનજીવન પર અસરકર્તા રહ્યો હતો. નગરજનોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. પવન એટલો તીવ્ર હતો કે ઘરના બારી-બારણા બંધ રાખવા પડયા હતા.

જાહેર સ્થળો, બગીચાઓ અને સેકટરોના આંતરિક માર્ગો સાંજ પડતાં જ જાણે સુમસામ બની ગયા હતા.જો કે આજે સવારથી પવનની ગતિ ઓછી થતાં ઠંડીમાં થોડીક રાહત મળી છે. રાત્રીનું લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી જેટલું વધીને ૧૨ ડિગ્રીએ પહોંચ્યું હતું જયારે મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બુધવાર સુધી ઠંડીમાં રાહત મળવાની કોઈ શકયતા નથી. બુધવાર પછી વાતાવરણમાં બદલાવ આવશે.

દાદા સાહેબ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, અમિતાભ બચ્ચનને દાદા સાહેબ ફાલ્કે સન્માન ૨૯મી ડિસેમ્બરના દિવસે એનાયત કરવામાં આવશે. વર્ષ ૨૦૧૮નું દાદ સાહેબ ફાલ્કે સન્માન ફિલ્મ ઉદ્યોગમાં ઉલ્લેખનીય કામગીરી માટે ૭૭ વર્ષીય અમિતાભ બચ્ચનને આપવામાં આવનાર હતો પરંતુ મેગાસ્ટારની તબિયત ખરાબ હોવાના કારણે તેઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. ૧૯૬૯માં શરૂ કરવામાં આવેલા દાદા સાહેબ ફાલ્કે પુરસ્કારનું નામ ધુંડીરાજ ગોવિંદ ફાલ્કેના નામ પર રાખવામાં આવ્યું હતું જેમને ભારતીય સિનેમાના જનક ગણવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સુવર્ણ કમલ, એક શાલ અને ૧૦ લાખ રૂપિયા રોકડ આપવામાં આવે છે.

દેશના યુવાનો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જેન જેડ અથવા તો જનરેશન જેડના નામથી ઓળખે છે. એક વાત તો લોકોના દિમાગમાં બેસી ગઈ છે આ લોકો સોશિયલ મિડિયા જનરેશન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષના અંતિમ રવિવારે ૬૦મી વખત રેડિયો કાર્યક્રમ મન કી વાતમાં સંબોધન કર્યું. તેમણે લોકોને નવા વર્ષની શુભકામના પાઠવી. મોદીએ કહ્યું કે આપણા દેશના યુવાઓને અરાજકતા પ્રત્યે નફરત છે. તેઓ જાતિવાદ, પોતાનું-પારકું, સ્ત્રી-પુરુષના ભેદભાવને પસંદ કરતા નથી. નવી પેઢી આધુનિક છે. નવા વર્ષ અને દાયક માટે સંકલ્પ લેવો જોઈએ. વડાપ્રધાને લોકોને લોકલ પ્રોડક્ટ્સ ખરીદવાનો આગ્રહ પણ કર્યો છે. મોદીએ કહ્યું કે, 'આપણે બે દિવસ પછી ૨૧મી સદીના ત્રીજા દાયકમાં પ્રવેશીશું. આપણા દેશના યુવાનોને અરાજકતા પ્રત્યે નફરત છે. તે જાતિવાદ, સ્ત્રી પુરુષ આ પ્રકારના ભેદભાવોને પસંદ કરતા નથી. આપણે જોઈએ છીએ કોઈ સિનેમા એરપોર્ટમાં લાઈનમાં વચ્ચે ઘુસી જાય છે તો યુવાનો સૌથી પહેલા તેને ટોકે છે. યુવાનોમાં નવા વિચારો વિકસી રહ્યા છે. સ્વામીવિવેકાનંદે કહ્યું હતું કે મારો વિશ્વાસ યુવા પેઢી પર છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આમાંથી જ મારા માણસો નીકળશે.

યુવાવસ્થા સૌથી મહત્વનો કાલખંડ હોય છે. તમારું ભવિષ્ય અને જીવન આની પર જ આધારિત છે કે તમે યુવાવસ્થાનો ઉપયોગ કેવી રીતે કરો છો. મને વિશ્વાસ છે કે ભારતમાં આ દાયકો માત્ર યુવાનોના વિકાસનો જ નહીં, પણ યુવાનોનો વિકાસ કરનારો પણ સાબિત થશે. ઉત્તર પ્રદેશના ફુલપુરમાં ઘણી મહિલાઓએ કંઈક નવું કરીને દરેકને પ્રેરણા આપી છે. ઘણા સમય પહેલા ફુલપુરની આ મહિલાઓ ગરીબીથી હેરાન પરેશાન હતી. પણ આ મહિલાઓમાં તેમના પરિવારને આગળ લઈ જવાનો જુસ્સો હતો.મહિલાઓએ ચપ્પલ બનાવવાનું કામ શરૂ કર્યું. આનાથી મહિલાઓને પોતાના રસ્તાનો કાંટો જ દૂર નથી કર્યો પણ પોતાની જાતને પણ આત્મનિર્ભર બનાવી છે. લોકોએ મહિલાઓ પાસેથી ચપ્પલ ખરીદવામાં તેમની મદદ કરી હતી. મેં લાલકિલ્લા પરથી ૧૫ ઓગસ્ટના રોજ અપીલ કરી હતી કે આપણે બધા લોકલ સ્વદેશી વસ્તુ ખરીદશું. મારો સૌને ફરીથી આગ્રહ છે કે આપણે લોકલ પ્રોડક્ટને આપણી શાન અને પ્રતિષ્ઠતા સાથે જોડી શકીએ છીએ, શું આપણે તેને ખરીદીને લાખોના જીવનમાં સમુદ્ધિ લાવી શકીએ છીએ.

શપથવિધિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, પૂર્વ રાજ્યસભા સાંસદ શરદ યાદવ, રાજ્યસભા સાંસદ સંજય સિંહ, આરજેડીના નેતા તેજસ્વી યાદવ, કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગે, સુબોધકાંત સહાય, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત સહિત તમામ ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય ડીએમકે નેતા એમકે સ્ટાલિન, જેએમએમના નેતા અને હેમંત સોરેનના પિતા શિબૂ સોરેન, પૂર્વ કેન્દ્રીયમંત્રી આરપીએન સિંહ, એનસીપીના નેતા સુપ્રિયા સુલે અને પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી રઘુવરદાસ પણ સ્ટેજ ઉપર ઉપસ્થિત રહ્યા હતા જ્યારે અસમના પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંજી, માકપા નેતા સીતારામ યેચુરી, તમિલનાડુમાંથી રાજ્યસભા સાંસદ કાનીમોજી, ભાકપા જનરલ સેક્રેટરી ડી રાજા, ડીએમકેમાંથી એમ કે સ્ટલિન આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ પણ કાર્યક્રમમાં પહોંચ્યા. હેમંત સોરેનનો પરિવાર પણ સમારંભમાં પહોંચ્યો. મંચ પર હેમંતના પિતા શિબૂ સોરેન અને માં રૂપી સોરેન હાજર રહ્યાં. તેમની પત્ની સહિત પરિવારના બાકીના સભ્યો પણ સમારંભમાં હાજર રહ્યાં હતા. હેમંત સોરેને બીજી વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. આ પહેલા હેમંતે જુલાઈ ૨૦૧૩માં મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. જેએમએમ-રાજદ કોંગ્રેસની સાથે મળીને તેમણે ૧ વર્ષ ૫ મહીના અને ૧૫ દિવસ સુધી સરકાર ચલાવી હતી. હેમંતના પિતા શિબુ સોરેન પણ ૩ વખત રાજ્યના સીએમ રહ્યાં છે. ત્રણે કાર્યકાળમાં તેઓ